જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૧/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૫૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૮ લીટર દેશી દારૂ અને ૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૫૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૫૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની તથા પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૫૫૯/૨૦૨૫**

ખોખરાઃ હિમાંશુ કાંતિલાલ શાહ (ઉ.વ.૪૨) (રહે. શ્રીનંદનગર વિભાગ–૧ વેજલપુર) તા.૩૧/૧૦/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ખોખરા અનુપમ ગ્રીન માર્કેટ ખાતે લિફ્ટની અંદર કામ કરતા હતા ત્યારે તેમના માથા ઉપર કંઈક પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૪/૧૧/૨૦૨૫ કલાક ૯/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૬૦/૨૦૨૫**

નારોલઃ જમનાબહેન ભીમજીભાઇ શિયાણી (ઉ.વ.૫૧) (રહે. એલ–૧૦૫ કર્ણાવતી–૧ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૧/૨૦૨૫ બપોરના ૨/૪૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.રાણા ચલાવે છે.

મેઘાણીનગરઃ મેઘાણીનગર વિદ્યાનગર કનૈયા પાન સેન્ટર પાછળ દેસાઈની ચાલી ખાતે વિજયબહાદુર યાદવના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૦૪/૧૧/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી